નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓ

જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ - ૩૬૨ ૦૦૧

જા.નં.જૂકૃયુ/ડીએસડબલ્યુ/એસ્ટા-૧/મેડલ/૫૦૪૯-૫૦૫૧/૨૦૨૬
તા. ૨૭/૧૦/૨૦૨૬

જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, જુનાગઢના પદવીદાન સમારોહ માટે ગોલ્ડ મેડલ/ગોલ્ડ પ્લેટેડ સિલ્વર મેડલ બનાવવાના થાય છે. તો રસ ધરાવતા મેડલ નિર્માતા/સુવર્ણકાર પાસેથી મેડલ બનાવવા માટે જરૂરી ઘડામણની મજુરીના ભાવ સામેલ શરતો અને બોલીઓને આધિન પોસ્ટ/કુરિયર દ્વારા **તા.૧૬/૧૧/૨૦૨૬** સુધીમાં નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓની કચેરી, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, જુનાગઢ-૩૬૨૦૦૧ ને મોકલી આપવાના રહેશે.

મેડલ ઘડવા અંગેની શરતો/બોલીઓ

૧. મેડલ બનાવવાની વિગત
   - (અ) ૧૫ ગ્રામ વજનનાં એક એવા ૧૮ કેરેટનાં ૦૩(ત્રણ) નંગ સુવર્ણચંદ્રકો (૪૦ એમ.એમ. વ્યાસનાં)
   - (બ) ૧૦ ગ્રામ વજનનાં એક એવા ૧૮ કેરેટનાં ૦૩(ત્રણ) નંગ સુવર્ણચંદ્રકો (૪૦ એમ.એમ. વ્યાસનાં)
   - (ક) ૧૨ કેરેટનાં ૦૨(બે) નંગ સુવર્ણચંદ્રક યુનિવર્સિટી દ્વારા જણાવ્યા મુજબ.
   - (ડ) ૨૦ ગ્રામ ચાંદીનાં મેડલ ઉપર સોનાનો ઢોળ ચડાવાવો ૬૬ નંગ (૫૦ એમ. એમ. વ્યાસનાં)
   - (ઈ) ૫૦ ગ્રામ ચાંદીનાં મેડલ ઉપર સોનાનો ઢોળ ચડાવાવો ૧ નંગ (૫૦ એમ. એમ. વ્યાસનાં)

૨. ચાંદીનો ઉપયોગ કરેલ ગોલ્ડ પ્લેટેડ સિલ્વર મેડલનું બીલ અલગ બનાવી તેમાં પણ ઉપરોક્ત બાબતોની વિગત આપવાની રહેશે.

૩. ઉપર મુજબના તમામ ચંદ્રકો તૈયાર કરવા માટે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની ડાય યુનિવર્સિટી તરફથી આપવામાં આવશે. જેમાં એક બાજુએ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો એમ્બલેમ્બ (લોગો) એમ્બોસ કરવો તથા બીજી બાજુ સુવર્ણચંદ્રકનું નામ, દાતાશ્રીનું નામ, વિદ્યાર્થીનું નામ વગેરે વિગત ઉપર લેમીનેશન કરવાની રહેશે. ચંદ્રકો બનાવવાની કામગીરી પૂર્ણ થયે ડાય યુનિવર્સિટીને પરત કરવાની રહેશે.

૪. તમામ ચંદ્રક કડી સાથે રીબીન લગાવીને બોકસમાં પેક કરીને નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓની કચેરી, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, જુનાગઢ પહોંચતા કરવાના રહેશે.

૫. પાર્ટીએ તેઓનાં ખર્ચે ઉપરોકત સુવર્ણચંદ્રકો તેમજ ગોલ્ડ પ્લેટેડ સિલ્વર મેડલોનું સરકારશ્રી માન્ય વેલ્યુઅરનું પ્રમાણપત્ર મેળવીને બીલ સાથે આપવાનું રહેશે.

૬. જો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો અધિકાર ક્ષેત્ર જુનાગઢ રહેશે.

૭. કવર પર "મેડલના ભાવ" તેવું લખીને મોકલવું

૮. મેડલ નિર્માતાના બિલમાંથી નિયમોનુસાર લાગુ પડતો ટેક્ષ કાપવામાં આવશે. તથા આપવાના થતા ભાવો તમામ ટેક્ષ સાથેના આપવાના રહેશે.

૯. ભાવ ભરનાર પેઢી દ્વારા ભાવપત્રક સાથે જીએસટી રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ અને પેઢીનું પાન કાર્ડ ભાવ પત્રક સાથે રજુ કરવાનું રહેશે. જરૂરી દસ્તાવેજ વગરના ભાવ પત્રક માન્ય ગણવામાં આવશે નહિ.

૧૦. સોનું-ચાંદી અત્રેથી પૂરું પાડવામાં આવશે.

૧૧. શરતી ભાવ પત્રક માન્ય રાખવામાં આવશે નહિ.

નિયામક
વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓ

પ્રતિ,

સવિનય રવાના :-

૧. કલેકટરશ્રી, જૂનાગઢની કચેરી નોટીસ બોર્ડ પર મુકવા સારુ.
૨. કમિશ્નરશ્રી મહાનગરપાલિકા, જૂનાગઢની કચેરી નોટીસ બોર્ડ પર મુકવા સારુ.
૩. ડાયરેકટર, આઈ.ટી.સેલ, જૂ.કૃ.યુ., જૂનાગઢની વેબસાઈટ પર મુકવા સારુ.

ગોલ્ડ મેડલ અને ગોલ્ડ પ્લેટેડ સિલ્વર મેડલ તૈયાર કરવાનું ભાવ પત્રક

ક્રમ	મેડલ બનાવવાની વિગત	જથ્થો	ભાવ (₹)
૧.	૧૮ કેરેટ સોનાના ૧૫ ગ્રામના ગોલ્ડ મેડલ બનાવવાની મજૂરી	પ્રતિ નંગ	
	એમ્બોસ/લેમિનેશન ચાર્જ	પ્રતિ નંગ	
	પેકિંગ ચાર્જ	પ્રતિ નંગ	
	વેલ્યુએશન સર્ટિફિકેટ ચાર્જ	–	
૨.	૧૮ કેરેટ સોનાના ૧૦ ગ્રામના ગોલ્ડ મેડલ બનાવવાની મજૂરી	પ્રતિ નંગ	
	એમ્બોસ/લેમિનેશન ચાર્જ	પ્રતિ નંગ	
	પેકિંગ ચાર્જ	પ્રતિ નંગ	
	વેલ્યુએશન સર્ટિફિકેટ ચાર્જ	–	
૩.	૧૨ કેરેટ સોનાના ગોલ્ડ મેડલ બનાવવાની મજૂરી	પ્રતિ નંગ	
	એમ્બોસ/લેમિનેશન ચાર્જ	પ્રતિ નંગ	
	પેકિંગ ચાર્જ	પ્રતિ નંગ	
	વેલ્યુએશન સર્ટિફિકેટ ચાર્જ	–	
૪.	૨૦ ગ્રામ ચાંદીના ગોલ્ડ પ્લેટેડ સિલ્વર મેડલ બનાવવાની મજૂરી	પ્રતિ નંગ	
	સોનાનો ઢોળ(ગીલેટ) ચઢાવવાનો ચાર્જ (મજૂરીકામ)	પ્રતિ નંગ	
	એમ્બોસ/લેમિનેશન ચાર્જ	પ્રતિ નંગ	
	પેકિંગ ચાર્જ	પ્રતિ નંગ	
	વેલ્યુએશન સર્ટિફિકેટ ચાર્જ	–	
૫.	૫૦ ગ્રામ ચાંદીના ગોલ્ડ પ્લેટેડ સિલ્વર મેડલ બનાવવાની મજૂરી	પ્રતિ નંગ	
	સોનાનો ઢોળ(ગીલેટ) ચઢાવવાનો ચાર્જ (મજૂરીકામ)	પ્રતિ નંગ	
	એમ્બોસ/લેમિનેશન ચાર્જ	પ્રતિ નંગ	
	પેકિંગ ચાર્જ	પ્રતિ નંગ	
	વેલ્યુએશન સર્ટિફિકેટ ચાર્જ	–	

તારીખ : **સહી :**

પાર્ટીનું નામ :

પાર્ટીનો સિક્કો :